ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ માટે સર્વે કરાશે

## શાળાઓમાં બાળકોના આરોગ્યની ચકાસણી માટે પણ વિશેષ ઝુંબેશ હાથ ધરવાના હુકમો : સચિવાલયમાં આયુર્વેદના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું





(તસવીર : દિપક જાની)

પ્લાસ્ટ ઈન્ડિયામાં ભારે ભીડ - ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતે એકઝીબિશન સંકુલમાં પ્લાસ્ટ ઈન્ડિયાનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન નિહાળવા દેશભરના પ્લાસ્ટિક સાથે સંકળાયેલા વેપારીઓ અને ઉત્પાદકો ઉપરાંત તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં રોજેરોજ આવી પહોંચે છે....

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુને પગલે ઘરે ઘરે ફરી સર્વેની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીજી તરફ શહેરની શાળાઓમાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય સુરક્ષાની ટીમ ફરી અને બાળકોના આરોગ્યની ચકાસણી હાથ ધરશે.

મળતી વિગતો પ્રમાણે ૬૦થી વધુ કર્મચારીઓ આશા અને ફિમેલ હેલ્થ વર્કરોને આ સર્વેની જવાબદારી સોંપવામાં આવી છે. રેપીડ સર્વેમાં આ કર્મચારીઓ શરદી, ખાંસી, ગળામાં દુઃખાવાની ફરિયાદ હોય તેવા દર્દીઓને ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં રિફર કરશે.

બીજી તરફ ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે સ્વાઈન ફલુની ઓપીડી શરુ કરવામાં આવી છે. હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સિવીલમાં સ્વાઈન ફલુના ૩ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા અને ત્રણેય દર્દીનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

ગાંધીનગર સિવીલ હોપિટલમાં સ્વાઈન ફલુ માટે એક અલાયદો આઈસોલેશન વોર્ડ પણ ઉભો કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના પગલે ઝડપથી એક સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને એક સપ્તાહમાં જ આ સર્વેની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

● અનુસંધાન પાન-૬ પર

# દહેગામમાં સ્વાઈન ફલુનો કેસ

## ૫૨ વર્ષીય પુરુષને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ

## ગાંધીનગર સિવીલના બંને દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો એક નવો કેસ દહેગામ શહેરી વિસ્તારમાં નોંધાયો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૩૫૨ પહોંચી છે.

ગાંધીનગર સિવીલમાં ગઈકાલે દાખલ કરાયેલ બંને દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓમાં મોટા ભાગના દર્દીઓ ૫૦ વર્ષથી ઉપરના નોંધાયા છે. જિલ્લામાં નોંધાયેલા તમામ દર્દીઓની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

દહેગામમાં આજે નોંધાયેલ દર્દી એ ૫૨ વર્ષીય છે. તેને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયાં તેની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ગઈ કાલે જે બે દર્દીઓને દાખલ કરાયા હતા તે બંને દર્દીના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. આ પૈકી એક દર્દીનું મોત નીપજવાનું પણ જાણવા મળેલ છે.

# પ્લાસ્ટ ઈન્ડિયાના પગલે ટાઉનહૉલના કાર્યક્રમોમાં સર્જાતી ભારે હાલાકી

## ટાઉનહોલ તરફના રૂટમાં નો એન્ટ્રીથી એક કિસ્સામાં કાર્યક્રમ રદ કરવો પડયો : આયોજકો અને પ્રેક્ષકોને રોજબરોજ પારાવાર હાલાકી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં આયોજિત પ્લાસ્ટ ઈન્ડીયા ૨૦૧૫ના લીધે શહેરના માર્ગો ટ્રાફીક જામથી ઉભરાયા છે. પાર્કીંગ સેન્સ અને ટ્રાફીક નિયમનના અભાવ વચ્ચે નગરનું જનજીવન વાહનોની ભરમારથી અત્યંત પ્રભાવિત થયું છે. બીજી તરફ સે-૧૭ સ્થિત ટાઉનહોલ તરફ જવાનો રસ્તો પણ બ્લોક કરી નો એન્ટ્રી કરી દેવાતા કાર્યક્રમના આયોજકોના પૈસા માથે પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉથી કાર્યક્રમ માટે ટાઉનહોલનું બુકીંગ ધરાવતા આયોજકો મુંઝવણમાં મુકાયા છે. એક કિસ્સામાં કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી છે. આવા સંજોગોમાં અગાઉથી પૈસા ચુકવી ટાઉનહોલ બુક કરાવી લીધા બાદ આયોજકો માટે જરુરી વ્યવસ્થા જળવાઈ રહે તેની કાળજી કરવાની ફરજ પણ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ નિભાવતા નથી. આયોજકો ઉપરાંત કાર્યક્રમ નિહાળવા આવતા શ્રોતાઓએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. નગરમાં આયોજિત વર્લ્ડના સૌથી મોટા પ્લાસ્ટ એકસ્પોના આયોજનના લીધે દિવસ દરમિયાન માર્ગો પર ગાડીઓની કતાર જોવા મળે છે. યોગ્ય આયોજન અને ટ્રાપીક નિયમનના અભાવ વચ્ચે રોજબરોજ સ્થાનિક રહીશોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તંત્ર પણ જાણે અપેક્ષિત ભીડથી અજાણ હોય તેમ આ અવ્યવસ્થાને મુકસાક્ષી બની નિહાળી રહ્યું છે. ટ્રાફીક જામ અને ઠેર ઠેર જોવા મળતી ગાડીઓના કાફલાથી સવાર પડતા જ શહેરના મુખ્યમાર્ગો

● અનુસંધાન પાન-૬ પર

# આઉટસોર્સીંગથી ભરતીમાં વિશ્વાસનીયતા પર સવાલ

## મહાત્મા મંદિરમાંથી ચોરી કરનાર શખ્સ સિસ્ટમ મેનેજર નિકળ્યો : નવા સચિવાલય રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં આઉટ સોર્સીંગ પર નોકરી કરતાં સિસ્ટમ મેનેજરે ઈ-ગવર્નન્સ કોન્ફરન્સમાં પાસપોર્ટ ઓફીસરની ૧.૪૬લાખની મત્તા ભરેલી બેગ ચોરી હતી : ચોરીનો તમામ મુદ્દામાલ રીકવર

ગાંધીનગર, તા. ૬

સરકાર દ્વારા વિવિધ ડીપાર્ટમેન્ટમાં આઉટ સોર્સીંગથી કર્મચારીઓ રાખવા થતી ભરતીમાં તેમની વિશ્વાસનિયતા ઉપર ફરી સવાલો ઉભા થયા છે. અગાઉ બિરસા મુંડા ભવનમાં થયેલી કરોડોની ઉચાપતમાં પણ આઉટ સોર્સીંગથી થયેલી ભરતીનો કર્મચારી હતો ત્યારબાદ વધુ એક ચોરીમાં આઉટ સોર્સીંગથી ભરતી થયેલો કર્મચારી હોવાનું બહાર આવ્યું છે.

હાઈ સિકયોર ગણાતા મહાત્મા મંદિર ખાતે ૩૦મી ડિસેમ્બરે યોજાયેલી ઈ-ગવર્નન્સ કોન્ફરન્સમાં બપોરના અરસામાં પાસપોર્ટ ઓફીસર ઝેડ.એ. ખાનની બેગ ચોરાઈ ગઈ હતી. આ બેગમાં આઈ ફોન, ટેબલેટ અને લેપટોપ તથા બે ચાર્જર મળીને રૂ. ૧.૪૬ લાખનો મુદ્દામાલ હતો. પાસપોર્ટ ઓફીસરના આસીસ્ટન્ટ હરીશભાઈ માલાણીની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજને આધારે તપાસ શરૂ કરી હતી. જી.આઈ.એલ. કંપની મારફતે આઉટ સોર્સીંગથી ભરતી થયેલા અને

### મહાત્મા મંદિરમાં સીટ રીઝર્વ કરવા એન્ટ્રી મળી હતી

રેવન્ય ડીપાર્ટમેન્ટમાં આઉટ સોર્સીંગથી ભરતી થઈને સિસ્ટમ મેનેજર તરીકે ફરજ બજાવતા મનોજ પાલ તથા અન્ય કર્મચારીઓને ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ દરમ્યાન વીવીઆઈપીની સીટ રીઝર્વ કરવા માટે મહાત્મા મંદિરના હોલમાં એન્ટ્રી આપવામાં આવી હતી. કાર્યક્રમ ચાલુ થયા બાદ પણ સિસ્ટમ મેનેજર હોલમાં જ રહ્યો હતો અને લાંચ માટે પાસપોર્ટ ઓફીસર ઉભા થયા તે દરમ્યાનમાં બેગની ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૬ પર

# ઓટોમોબાઈલ ક્ષેત્રે પ્લાસ્ટીક પાર્ટસનો નવતર અભિગમ ફાયદારૂપ નિવડશે

## હેવી મેટલ અને લોખંડના બદલે જરુરી પાર્ટસમાં ખાસ પ્રકારનું પ્લાસ્ટીક ઉપયોગમાં લેવા નવી ટેકનોલોજી : ૩ વ્હીલરના મોટા બજારમાં પણ આ અભિગમ મજબૂત બનશે


ગાંધીનગર, તા.૬

ઓટોમોબાઈલ ક્ષેત્રે જરુરી સ્પેરપાર્ટસમાં લોખંડની જગ્યાએ હવે પ્લાસ્ટીકનો ઉપયોગ થાય તેવો નવતર અભિગમ અપનાવવા તરફ મીડ મંડરાઈ છે. પ્લાસ્ટ ઈન્ડીયા ૨૦૧૫માં પ્લાસ્ટીક ઉત્પાદન ક્ષેત્રે આ નવી ટેકનોલોજી અંગે વિઝીટર્સને માહીતગાર કરવામાં આવી રહ્યા છે. ઓટો ક્ષેત્રમાં હેવી મેટલના બદલે જરુરી પ્લાસ્ટીકના ઉપયોગથી વજન ઓછું થવાની સાથે માઈલેજ વધુ મળી શકે છે. ભારતમાં પણ ઓટોમોબાઈલ ક્ષેત્રે આ ટેકનોલોજીનો ટ્રેન્ડ આગામી દિવસોમાં વધુ મજબૂત સ્વરૂપે જોવા મળશે. ગુજરાતમાં ભરૂચ જિલ્લાના જગડીયામાં આ માટે આ ટેકનોલોજી પર કામ કરતો પ્લાન્ટ પણ કાર્યરત છે.

લેનક્ષેસ કંપનીના પંકજ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ડયુરેથોન અને પોકૈનથી નિર્મિત ઉત્પાદન યાંત્રિક ભાર અને દબાણનો વિરોધ કરી શકે છે. જેનો ઉપયોગ ઈલેકટ્રીકલ તેમજ ઓટો ઉપયોગના ઉપકરણોના ઉત્પાદનમાં વિશષ રૂપે થાય છે. ઓટો ક્ષેત્રમાં લોખંડના સ્પેરપાર્ટસ વપરાય છે જે માટે ખાસ પ્રકારનુ પોલીયર્સ પ્લાસ્ટીક ઉપયોગમાં લેવાથી હેવી વેઈટ ઘટવાની સાથે માઈલેજ પણ વધે છે. જર્મન સહીત ૨૯ દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. ભારતમાં પણ કેટલીક કંપનીએ આ ટેકનોલોજી અપનાવી છે જયારે આગામી તબક્કામાં ટુ વ્હીલર સહીતના ઓટોક્ષેત્રમાં પણ આ ટેકનોલોજીના ઉપયોગથી નિર્માણ કરાયેલા પ્લાસ્ટીક પાર્ટસ જોવા મળશે. દેશમાં ૩ વ્હીલરનું માર્કેટ વિશેષ છે. જેના લીધે ટુ વ્હીલરની ઓટો કંપનીઓ પણ આ ટેકનોલોજીનો ઉપયોગ કરવા આગળ વધી છે.



(તસવીર : ધનંજય જોષી)




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com